

ગાંધીનગર શહેરમાં વારંવાર થતા અકસ્માતોનું કારણ ટી રોડ કનેક્ટીવીટી હોવાની વાત સતત થતી રહી છે અને તંત્ર દ્વારા તે અંગે વારંવાર પગલાં લેવાય છે આવી કનેક્ટીવીટીને અટકાવવામાં આવે છે પણ તે પછી વધુ અંતર કાપવાની પાડવામાં આવતી ફરજો પ્રજાને માન્ય નથી. સરગાસણ નજીક આવી જ ઘટના બની છે. એક તબક્કે આ પ્રકારની કનેક્ટીવીટી બંધ કરાઈ હતી પણ પાછી પ્રજાએ સરકાર દ્વારા રોડ ડિવાઈડર જે બનાવવામાં આવેલ તે તોડી નાખી પુનઃ ટ્રાફિક ચાલુ કરી દેવાયો છે.

# પેથાપુર ખાતેથી ૧૨ નંગ વિદેશી દારુ સાથે બે ઝડપાયા

ગાંધીનગર,તા.૭

પેથાપુર પોલીસ મથકના પીએસઆઈ એ.જી.એનુરકાર અને ટીમના સભ્યો ભાવીનકુમાર, વિજયકુમાર, જયપાલસિંહ, પ્રદિપસિંહ ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન પોલીસની ટીમને ખાનગી રાહે બાતમી મળી હતી કે પેથાપુરના તરપોજ વાસ રામાપીરના મંદિર પાસે એક બાઈક ચાલક અને પાછળ બેઠેલા શખ્સ પાસે વિદેશી દારુની બોટલો છે અને દારુની હેરાફેરી કરી રહ્યા છે. જેથી પોલીસે જયસિંહ પૃથ્વી સિંહ ચાવડા રહે. એફ-૨ દેવભુમી હોમ્સ, પેથાપુર ચોકડી તા.જી.ગાંધીનગર અને અજયપાલસિંહ ફતેસિંહ પરમાર રહે. કુડાસણ ગામ ચૌહાણનો કુવો, વાડીનાથ મંદિર કુડાસણ ને પકડી તેઓની પાસેથી ભારતીય બનાવટનો વિદેશી દારુની બોટલ નંગ ૧૨ કિં.રૂ. ૩૬૦૦ તેમજ બે નંગ મોબાઈલ કિ.રૂ. ૪૦૦૦ અને સ્પેલન્ડર પ્લસ બાઈક નં.જી.જે.૧૮.સી.ડી.-૫૪૩૦ જેની કિં.૧૫,૦૦૦ મળી કુલ રૂ.૨૨,૬૦૦ ના મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# વિશ્વ રેડક્રોસ દિન નિમિત્તે પ્રજાજોગ સંદેશ

ગાંધીનગર, તા. ૭

ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ 'વિશ્વ રેડક્રોસ દિન' નિમિત્તે રાજ્યના પ્રજાજનો જોગ સંદેશમાં જણાવ્યું હતું કે પ્રતિવર્ષ ૮મી મે ના રોજ વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય રેડક્રોસ દિનની ઉજવણી કરવામાં આવે છે. ૮મી મે રેડક્રોસના સંસ્થાપક જિન હેનરી ડ્યુનાન્ટના જન્મ દિવસે વિશ્વ રેડક્રોસ - રેડક્રેસેન્ટ દિન વિશ્વભરમાં વ્યાપક રીતે ઉજવવામાં આવે છે.

તેમણે જણાવ્યું હતું કે આ વર્ષે વિશ્વ રેડક્રોસ દિવસની થીમ- 'રેડક્રોસ વિશે આપને શું પ્રિય લાગે છે' તે છે. વિશ્વ રેડક્રોસ રેડ ક્રેસેન્ટ દિનની થીમની પસંદગી કરવાનું લક્ષ્ય એ છે કે દુનિયાના લોકો સમક્ષ રેડક્રોસ આંદોલનની વિવિધતા અને સાર્વ-ભૌમિકતાવાળી કાર્યશૈલી પ્રકાશિત કરવાનું છે.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગુજરાત શાખા અને તેની ૩૩ જિલ્લા તથા ૬૧ તાલુકા શાખાઓ દ્વારા રાજ્યના મોટી સંખ્યામાં લોકોને માનવીય સેવાઓથી લાભાન્વિત કરવામાં આવી રહ્યા છે. તેમણે ઉમેર્યું હુતં કે સંસ્થા દ્વારા રાજ્યના ૨૯ લાખ યુવાનોનું થેલેસિમીયા અને સિક્લસેલ એનેમિયા કાર્યક્રમ અંતર્ગત પરીક્ષણ પૂર્ણ કરવામાં આવ્યું છે. સંસ્થાના આ કાર્યક્રમથી ૩૧૮ થેલેસિમીયા મેજર બાળકોના જન્મ અટકાવી શકાયા છે.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે સંસ્થાની બ્લડ બેંકો દ્વારા વાર્ષિક લગભગ ૧.૬ લાખ યુનિટ રક્ત એકત્ર કરવામાં આવે છે અને જરૂરતમંદ રોગીઓના જીવનની રક્ષા કરવામાં ઉપયોગમાં લેવામાં આવે છે.

ગુજરાત રેડક્રોસ સંસ્થા દ્વારા આપત્તિ વ્યવસ્થાપન, પ્રાથમિક સારવાર, ટી. બી. નિયંત્રણ, જુનિયર અને યુથ રેડક્રોસ પ્રવૃત્તિઓ, ફિઝીયોથેરાપી અને સેરીબ્રેલ પાલ્સી સેન્ટર, રેડક્રોસ સિનિયર સિટીઝન હોમ- 'વાત્સલ્ય' ઉપયોગી સેવાઓ પુરી પાડવામાં આવીરહી છે. એમ તેમણે જણાવ્યું હતું.

તેમણે કહ્યું હતું કે સંસ્થાએ પોતાની લેબોરેટરીમાં એલર્જી ટેસ્ટ, મહિલા માટે સર્વાઈકલ કેન્સરનું પેપ સ્મિયર, મેમોગ્રાફી અને નિયોનેટલ સ્ક્રિનીંગની શરૂઆત કરી છે.

રાજ્યપાલશ્રીએ સંસ્થાના તમામ પદાધિકારીઓ, કાર્યકર્તાઓ, સ્વયં સેવકો અને સહયોગીઓને શુભકામનાઓ આપી હતી અને આશા વ્યક્ત કરી હતી કે માનવતાવાદી સેવાઓ પ્રદાન કરવા માટે રાજ્યનો પ્રત્યેક નાગરિક ઉદાત્ત ભાવથી યોગદાન આપશે.

# વિનામૂલ્યે ચોપડા વિતરણ કરાશે

વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળી રહે તે હેતુથી નાની દશકોશી વણકર જ્ઞાતિ સમાજ દ્વારા વિદ્યાર્થીઓને ચોપડા વિતરણ કરવામાં આવશે. જેમાં જૂન માસના પહેલા સપ્તાહમાં સિ.કે.જી. અને ધો. ૧ થી ૪ના વિદ્યાર્થીઓ માટે ૬ નંગ ફૂલસ્કેપ ચોપડા, ધો. ૪ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે ૧૨ નંગ ચોપડાનું વિતરણ કરવામાં આવશે. આ અંગેનું ફોર્મ તા. ૧૫ મે સુધી જમા કરાવવા અને વધુ માહિતી માટે સંપર્ક કરવા ડી.એમ. પરમાર મો. નં. ૯૫૭૪૧-૨૨૦૨૩ પ્લોટ નં. ૫૪૦/૨ સે. ૭-બી ગાંધીનગરનો સંપર્ક કરવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

# દિલ્હી પબ્લિક સ્કુલ ગાંધીનગર ધો-૧૦નું ૧૦૦ ટકા પરિણામ

દિલ્હી પબ્લિક સ્કુલ, ગાંધીનગરના કુલ ૨૪૭ વિદ્યાર્થીઓએ ધો-૧૦ની સીબીએસઈ પરીક્ષા આપી હતી. જેમાંથી શાળાના ૬૮ વિદ્યાર્થીઓએ ૯૦ ટકાથી વધુ માર્કસ મેળવ્યા છે. શાળાના વિદ્યાર્થીઓનું સરેરાશ ૮૨ ટકા પરિણામ આવ્યું છે. જેમાં શાળાના વિદ્યાર્થીઓ સૌરભ ભારદ્વાજ ૯૮.૨ ટકા, દીયા પટેલ, ૯૮ ટકા, પ્રેમ પટેલ, ૯૭.૮ ટકા, ખુશી શર્મા ૯૭.૬ ટકા, અમ્રિતા યાદવ ૯૭.૪ ટકા માર્કસ મેળવીને શાળાનું નામ રોશન કર્યું છે. તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકગણ અને વાલીઓને શાળાના આચાર્ય દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.



# કાકર ગામે કુટુંબી ભાઈઓ વચ્ચે તકરાર

કાકર ગામે કુટુંબી ભાઈઓ વચ્ચે જમીનમાં ભાગ લેવા તેમજ બાઈક બાબતમાં બોલાચાલી થઈ અને મામલો ઉગ્ર બનતાં લોખડની ટોમી તેમજ લાકડી વડે ચમનભાઈ શિવાભાઈ પરમારને હાથના ભાગે ઈજા થતાં પાટણ ધારપુર ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. શિહોરી પોલીસે ૩૨૩, ૧૧૪ મુજબ ગુનો નોંધી વધુ તપાસ એચસી રણજીતસિંહ ચલાવી રહ્યા છે. અશોકભાઈ કાન્તિભાઈ પરમાર કાકરની ધરપકડ કરવામાં આવી છે અને કાન્તિભાઈ શિવાભાઈ, જયેશભાઈ કાન્તિભાઈ પરમાર બંને ફરાર થઈ ગયા હતા.

# વેકેશનમાં સહેલાણીઓનો ધસારો નવા બાલોદ્યાન માટે જોખમી બન્યો

**બાળકો માટેના હિંચકા-લપસણી પર કોઈ ટોકનાર ના હોવાથી મોટા સહેલાણીઓનો જમાવડો : ફુલ-છોડને નુકસાન થાય તેવી પ્રવૃત્તિઓ કરતા તોફાની સહેલાણીઓ : રાઈડસ-બોટીંગના અભાવે બાળકોને નિરાશા**

ગાંધીનગર, તા.૭

વેકેશનનો સમય ચાલી રહ્યો છે અને ગાંધીનગરનો સૌથી જુનો લોકપ્રિય બગીચો જે હવે નવા રંગરૂપ ધારણ કરી ચુકયો છે તે સેકટર-૨૮ના બાલોદ્યાનમાં સહેલાણીઓ ઉમટી રહ્યા છે. જો કે કરોડોના ખર્ચે નવા વિકસાવેલા બાલોદ્યાનમાંથી લોકપ્રિય બોટીંગ તથા રાઈડસ અદશ્ય થઈ ગયા છે અને મીની ટ્રેન માટે પણ એક જ ટ્રેનનો ઉપયોગ કરાતો હોઈ લાંબી લચક લાઈનો લાગે છે.

બાલોદ્યાનમાં હિંચકા-લપસણી જેવા બાળકોના સાધનો મોટી વ્યકિતઓ વિના અવરોધે વાપરે છે અને તોફાન-મસ્તી તથા રમતે ચઢતા સહેલાણીઓ ફુલ છોડને નુકશાન કરી રહ્યા છે પરંતુ બાલોદ્યાનમાં તેમને રોકનાર કોઈ સુરક્ષા કર્મચારી નજરે ચઢતો નથી.



સેકટર-૨૮નો બાલોદ્યાન શરૂઆતથી જ પાટનગરનું આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે અને ગાંધીનગર ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારની જનતા માટે રજાઓ-વેકેશનમાં પિકનિકનું સ્થળ બની રહેવા પામ્યું છે. તાજેતરમાં તંત્ર દ્વારા અંદાજે રૂ. ૧૨ કરોડના ખર્ચે જયારે આ બાલોદ્યાનનું રિનોવેશન કરવામાં આવ્યું ત્યારે શહેરના નાગરિકો તથા સહેલાણીઓમાં પ્રસન્નતા વ્યાપી હતી અને વધુ સારી રાઈડસ તથા આનંદ-પ્રમોદની નવી નવી સુવિધા વિકસશે તેવી આશા જાગી હતી પરંતુ તે ઠગારી નિવડી છે કેમ કે બાલોદ્યાનમાં લોકપ્રિય રહેલી રાઈડસ તો હટાવી લેવાઈ છે તથા મીની ટ્રેનમાં પણ બે ટ્રેનનો ઉપયોગ કરવાને બદલે એક જ ટ્રેનનો ઉપયોગ કરઈ રહ્યો છે જેના કારણે વેકેશનના ધસારામાં લાંબી લાઈનો લાગી રહી છે.



રાઈડસના અભાવે બાળકો માટે લગાડાયેલા હિંચકા-લપસણી-ચકરડી જેવા વિકલ્પ વધે જેમાં પણ બાલોદ્યાનમાં સુરક્ષા કર્મીઓની હાજરી ના હોવાને કારણે કેટલાક મોટા સહેલાણીઓ પણ ઉપયોગ કરતા હોવાથી ઝડપથી ક્ષતિગ્રસ્ત થવાનું જોખમ રહેલું છે. વળી, કોઈ ટોકનાર ના હોવાથી તોફાની સહેલાણીઓ બાલોદ્યાનમાં મસ્તીએ ચઢી ફુલ છોડને નુકશાન થાય તેવી રમતો બેરોકટોક રમી રહ્યા છે. બાલોદ્યાનમાં લોકપ્રિય એવું બોટીંગ પણ બંધ હોવાને કારણે સહેલાણીઓને નિરાશા સાંપડી રહી છે.

# ડીપીએસ બોપલ ખાતે સ્પોર્ટસના હાઈ પરફોર્મન્સ સેન્ટરનો પ્રારંભ

અમદાવાદ, તા. ૭

વિદ્યાર્થીઓના સમગ્રલક્ષી વિકાસને આગળ ધપાવાના હેતુ સાથે આગળ વધીને ભારતના અગ્રણી શિક્ષણલક્ષી જૂથ કેલોરકસે પાયાના સ્તરે વિવિધ રમતોનું કોચીંગ પૂરૂ પાડતી સંસ્થા ધ સ્પોર્ટસ ગુરૂકુલ (ટીએસજી) સાથે મળીને અમદાવાદમાં ધ સ્પોર્ટસ ગુરૂકુલ હાઈ પરફોર્મન્સ સેન્ટર (એચપીસી) સ્થાપવાની પહેલ કરી છે. મંગળવારે દિલ્હી પબ્લિક સ્કૂલ, બોપલ ખાતે એચપીસીનો પ્રારંભ થયો છે, જે આ શહેરની એક અનોખી, સૌના માટે ખૂલ્લી હાઈ પર્ફોર્મન્સ સ્પોર્ટસ ટ્રેઈનીંગ એકેડમી બની છે.

ડીપીએસ, બોપલ સ્કૂલ ખાતેની એચપીસી એ અમદાવાદની અનોખી મલ્ટીસ્પોર્ટસ એકેડમી છે કે જે ક્રિકેટ, ફૂટબોલ, ટેનિસ, સ્કેટીંગ, વૉલીબોલ, ટેબલ ટેનિસ, સ્વિમીંગ, ઈનડોર રાયફલ- શૂટીંગ અને ચેસ તથા અન્ય વિવિધ રમતો શિખવા, રમવા તથા તેની પ્રેકટીસ કરવા માટે ઉચ્ચ ગુણવત્તા ધરાવતી માળખાગત સુવિધાઓ પૂરી પાડશે. આ સેન્ટર ૨૫ મીટર લાંબા હાફ-ઓલિમ્પીક સાઈઝ સ્વિમીંગ પૂલથી સજ્જ છે. આગળ જતાં એચપીસી બેડમિંગ્ટન, જીમ્નેસ્ટીક્સ અને અન્ય ઓલિમ્પીક રમતો માટે માળખાગત સુવિધાઓ સ્થાપશે.

ડીપીએસ-બોપલ અમદાવાદના પ્રિન્સીપાલ સુરેન્દ્ર સચદેવાએ જણાવ્યું હતું કે "ડીપીએસ, બોપલ ખાતે અમે બાળકોના સમગ્રલક્ષી વિકાસમાં માનીએ છીએ અને બહેતર શારીરિક અને માનસિક વિકાસ થાયતે માટે સતત પ્રયત્નશીલ છીએ. ધ સ્પોર્ટસ ગુરૂકૂળના સહયોગથી એચપીસીનો પ્રારંભ અમારા બાળકોની ફીટનેસ અને વેલનેસ માટેના એકંદર પ્રયાસ તરફ ધ્યાન દોરતું આ દિશાનું મહત્વનું કદમ છે."

સચદેવાએ વધુમાં જણાવ્યું હતું કે "આ પ્રયાસ બાળકોને તેમની પસંદગીની રમત શિખવા અને તેમાં ઉત્કૃષ્ઠ દેખાવ કરવા માટેની તક પૂરી પાડવા પૂરતો જ સીમિત નથી. આ ઉપરાંત તે પ્રતિભાશાળી બાળકોને રમતગમતમાં કારકીર્દિ ઘડવા માટે સશક્તિકરણ કરતું પ્લેટફોર્મ પણ બની રહેશે."

# ચોઈસ હોટલ્સ ઈન્ડિયાએ ક્વોલિટી ઈન ઓસન પામ્સના માધ્યમથી ગોવામાં વિસ્તરણ કર્યું

ચોઈસ હોટલ્સ ઈન્ડિયાએ ક્વોલિટી ઈન ઓસન પામ્સને હસ્તગત કરીને ગોવામાં પોતાની હાજરી વિસ્તારી છે. કાલાગુટ રોડ પર આવેલી અને અગાઉ ઓસન પામ્સ ગોવા તરીકે ઓળખાતી આ હોટલ છેલ્લા સાત વર્ષથી કાર્યરત છે.

ક્વોલિટી ઈન ઓશન પામ્સ મુખ્ય કાલાગુટ રોડથી થોડી દૂર અને કલાગુટ બીચની નજીકમાં છે. આ રિસોર્ટમાં પારંપારિક ગોવાની મહેમાનગતિ અને અત્યાધુનિક સુવિધાઓનું સમિશ્રણ જોવા મળે છે. રિસોર્ટની ભવ્યતા અને શ્રેષ્ઠ સ્ટાફ ધરાવતુ આ સ્થળ કાલાગુટ બીચનો શ્રેષ્ઠ પેકીનો રિસોર્ટ છે.

ચોઈસ હોટલ્સ ઈન્ડિયાના સીઈઓ વિલાસ પવારે જણાવ્યુ હતુ કે અમે આંતરરાષ્ટ્રીય અનુભવ સાથેની વિશ્વકક્ષાની સેવાઓ અને તેના દ્વારા મુલ્યવર્ધિતતા આપવા પ્રતિબદ્ધ છીએ. પ્રવાસીઓને ક્વોલિટી ઈન ગોવામાં પ્રેમાળ મહેમાનગતિ અને ઉચ્ચકક્ષાની સેવાના ધોરણો મળશે.

ક્વોલિટી ઈન ઓસન પામ્સમાં ૭૩ વિશાળ અને સ્ટાઈલીશ ગેસ્ટ રૂમ્સ છે.

# એલજે કોલેજ અમદાવાદ રેડબુલ કેમ્પસ ક્રિકેટ ૨૦૧૯ના રાષ્ટ્રીય ફાઈનલ્સમાં પ્રવેશ

૨૦૧૮માં સિંચાઈની મોસમથી રેડબુલ કેમ્પસ ક્રિકેટ દેશમાં ઉભરતા ક્રિકેટરો ઉપર બાઉલ પાછો ફર્યો. સ્પર્ધાને એક વધુ ઉત્તમ બનાવીને, વૈશ્વિક ટી ૨૦ કોલેજ ક્રિકેટ ટૂર્નામેન્ટે તેના નવા રોસ્ટરમાં બે નવા શહેરો (ધર્મશાળા અને મેરઠ)નો ઉમેરો કર્યો છે અને ૩૦ શહેરોમાં ૩૦૦થી વધુ કોલેજોમાં સૌથી વધુ ભાગ લેશે.

રેડ બુલ કેમ્પસ ક્રિકેટ ૨૦૧૯ સિટી ક્વોલિફાયર્સ ભારતના ૩૦ શહેરોમાં અમદાવાદ, નાગપુર, ઈન્દોર, પૂણે, વડોદરા, ગોવા, મુંબઈ, પશ્ચિમ ઝોનનું પ્રતિનિધિત્વ કરે છે. તે ૩ ફેબ્રુઆરીથી ૧૨ માર્ચ સુધી યોજાય છે. શહેરના રાઉન્ડ અને શહેર નાબૂદ કર્યા પછી અમદાવાદ, મુંબઈ અને ઈન્દોર શહેરના ચેમ્પિયન ૨૯મી અને ૩૦મી એપ્રિલ ૨૦૧૯ના રોજ પ્રત્યેક મેચમાં રમ્યા હતા જ્યાં એલજે કોલેજ અમદાવાદે રાષ્ટ્રીય ફાઈનલ્સ માટે શ્રેષ્ઠ નેટ રન રેટ દ્વારા ક્વોલિફાય કર્યુ હતુ. એલજે કોલેજ અમદાવાદે પ્રથમ મેચમાં ૩૫ રનથી જી.એન. ખાલસા કોલેજ મુંબઈને હરાવ્યુ. એલજે કોલેજ અમદાવાદ ટોસ જીત્યો અને પ્રથમ બેટિંગ પસંદ કર્યુ. મેચ સ્કોરકાર્ડ - એલજે કોલેજ અમદાવાદ - ૧૬૬/૪ (૨૦ ઓવસ), જી.એન. ખાલસા કોલેજ ૧૩૧/૮ (૨૦ ઓવર) એલજે કોલેજ તરફથી આદિત્ય રાઠોડે મેચ ઓફ ધ મેચ એવોર્ડ જીત્યો હતો જેમાં તેણે ૫૧ બોલમાં ૭૨ રન કર્યા હતા જેમાં ૫ ચોક્કા અને ૧ છગ્ગાનો સમાવેશ થાય છે.

## સુપ્રીમે ફગાવી

● અનુસંધાન પહેલાનું ચાલુ

આદેશ આપ્યો હતો. ચૂંટણી પંચે આ વાતને માની પણ લીધી હતી. સુપ્રીમ કોર્ટે આ લોકસભા ચૂંટણીમાં ઈવીએમ અને વીવીપેટને મેચ કરવામાં પાંચ ગણો વધારો કર્યો છે. કોર્ટે કહ્યું છે કે, દરેક ચૂંટણી ક્ષેત્રમાં ૫ વીવીપેટને ઈવીએમ સાથે મેચ કરવામાં આવશે. અત્યાર સુધી માત્ર એક વીવીપેટ મશીન મેચ કરવામાં આવતું હતું. આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રાબાબૂ નાયડુએ કહ્યું કે, જ્યારે ચૂંટણી પંચે તેમની વાત ન સાંભળી ત્યારે તેઓ સુપ્રીમ કોર્ટ આવ્યા હતા પરંતુ હવે તેઓ ફરી ચૂંટણી પંચ પાસે જશે. તેમણે કહ્યું કે, ત્રીજા ફ્રન્ટ અને ચોથા ફ્રન્ટ દરેક વિપક્ષનો જ હિસ્સો છે. અમે પીએમ ઉમેદવારનું નામ ચૂંટણી પછી નક્કી કરીશું. બીજી બાજુ અભિષેક મનુ સિંઘવીએ કહ્યું કે, જો હવે પરિણામમાં કોઈ ભૂલ આવશે તો ચૂંટણી પંચે કોઈ નિયમ જાહેર કર્યા નથી. અમે તેથી જ કોર્ટ આવ્યા હતા. હવે આ મુદ્દે વિપક્ષી નેતા આજે જ ચૂંટણી પંચને મળશે. નોંધનીય છે કે અત્યાર સુધી ચૂંટણી પંચ ૪૧૨૫ ઈવીએમ અને વીવીપેટ મેચ કરતું હતું જે હવે સુપ્રીમ કોર્ટના આદેશ પછી વધીને ૨૦૬૨૫ ઈવીએમ અને વીવીપેટ મેચ કરવાના થશે. વર્તમાનમાં વીવીપેટ પેપર સ્લીપ મેચ કરવા માટે દરેક વિધાનસભા ક્ષેત્ર દીઠ માત્ર એક ઈવીએમ વીવીપેટ સાથે મેચ કરવામાં આવતુ હતું. દરેક વિધાનસભા ક્ષેત્ર દીઠ એક ઈવીએમ મશીન એટલે અત્યાર સુધી કુલ ૪૧૨૫ ઈવીએમ વીવીપેટ સાથે મેચ કરવામાં આવતા હતા. પરંતુ હવે કોર્ટના આદેશ પછી એક વિધાનસત્રા ક્ષેત્ર દીઠ પાંચ ઈવીએમ લેખે ૨૦૬૨૫ ઈવીએમ અને વીવીપેટ મેચ કરવામાં આવશે. જ્યારે ૨૧ વિપક્ષી પાર્ટીઓએ સરેરાશ ૬.૭૫ લાખ ઈવીએમની વીવીપેટ સાથે સ્લીપ મેચ કરવાની માંગણી કરી હતી. સુપ્રીમ કોર્ટમાં અરજી આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબૂ નાયડુ (ટીડીપી), શરદ પવાર (એનસીપી), ફારુક અબ્દુલા (એનસી), શરદ યાદવ (એલજેડી), અરવિંદ કેજરીવાલ (આપ), અખિલેશ યાદવ (સપા), ડેરેક ઓબ્રાયન (ટીએમસી) અને એમ.કે. સ્ટાલિન (ડીએમકે) દ્વારા દાખલ કરવામાં આવી હતી. અરજીમાં તેમણે કોર્ટને આગ્રહ કર્યો હતો કે ઈવીએમના ૫૦ ટકા પરિણામને લોકસભાના પરિણામ જાહેર કરતાં પહેલાં વીવીપેટ સાથે મેચ કરવા જોઈએ અથવા તેની ફરી તપાસ થવી જોઈએ.

## મોદીનો વિવેક

● અનુસંધાન પહેલાનું ચાલુ

વાંચીને સંભળાવી કે, જ્યારે મનુષ્ય પર નશો છવાઈ જાય છે ત્યારે પહેલાં વિવેક મરી જાય છે. અંબાલમાં ચૂંટણી સભા દરમિયાન તેમણે કહ્યું કે, ચૂંટણી પ્રચારમાં ભાજપના નેતા ક્યારેય નથી કહેતા કે તેમણે જે વાયદા કર્યા હતા તે તેમણે પૂરા કર્યા કે નહીં. ક્યારેક શહીદોના નામે વોટ માંગે છે તો ક્યારેક મારા પરિવારના શહીદ સભ્યોનું અપમાન કરે છે. મોદીએ ૪ એપ્રિલે ઉત્તર પ્રદેશના પ્રતાપગઢમાં ચૂંટણી રેલી કરી હતી. અહીં તેમણે બોફોર્સ કૌભાંડનો ઉલ્લેખ કરીને પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીનું નામ લીધા વગર તેમના વિશે નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે, તમારા (રાહુલ ગાંધી) પિતાજીને તમારા રાજ દરબારીઓએ બેન્ડ-બાજા સાથે મિસ્ટર ક્લિન બનાવી દીધા હતા. જોત જોતામાં ભ્રષ્ટાચારી નંબર વન તરીકે તેમનો કાર્યકાળ પૂરો થઈ ગયો. નામદાર આ અભિમાન તમને ખઈ જશે. ૬ એપ્રિલે બંગાળના તામલુક અને ઝારખંડના ચાઈબાસામાં પણ મોદીએ પડકાર આપ્યો હતો કે કોંગ્રેસ, નામદારનો સમગ્ર પરિવાર તેમના પૂર્વ વડાપ્રધાનના મુદ્દા-સન્માન પર ચૂંટણી લડે છે જેમના પર બોફોર્સ કૌભાંડનો આરોપ છે. રાહુલે મોદીના નિવેદન પર જવાબ આપ્યો હતો કે- લડાઈ પૂરી થઈ ગઈ છે. તમારી નિયતિ તમારી રાહ જોઈ રહી છે. તમારા અંગે જે વિચાર છે, તે મારા પિતા પર થોપવાનું પણ તમે ચુક્યા નથી. પ્રિયંકા ગાંધીએ પણ મોદીના આ નિવેદન વિશે વળતો હુમલો કર્યો છે. શહીદોના નામ પર વોટ માંગીને તેમની શહીદીનું અપમાન કરનાર વડાપ્રધાને ગઈ કાલે તેમની શંકામાં સારા માણસની શહીદીનું પણ અપમાન કર્યું છે.

## ખળભળાટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગાડીના ડ્રાઈવરે નજીકના પોલિંગ બૂથ સંખ્યા ૧૫૨ જઈને મતદાન કરવાની ઈચ્છા વ્યક્ત કરી, ત્યારબાદ અવધેશ કુમાર આ મતદાન કેન્દ્રની પાસે જ એક હોટલમાં ઈવીએમ મશીનને લઈને ઉતરી ગયા. મતદાન કેન્દ્ર પર મોજૂદ લોકો અને પોલિંગ એજન્ટ્સને પણ સેક્ટર મેજિસ્ટ્રેટ પાસે બે ઈવીએમ હોવાની જાણ થઈ, તો તેઓએ ગરબડની આશંકા વ્યક્ત કરી હોબાળો શરૂ કરી દીધો.

હોબાળો થયા બાદ સ્થાનિક એસડીઓ કુંદન કુમારે ત્યાં પહોંચ્યા અને ચારેય ઈવીએમ મશીનને પોતાના કબ્જે કરી લીધા. મુઝફ્ફરપુર જિલ્લા અધિકારી આલોક રંજન ઘોષે મામલાની તપાસ કરી કાર્યવાહીની વાત કહી છે. સેક્ટર મેજિસ્ટ્રેટ અવધેશ કુમારને આ બેદરકારી બદલ શો-કોઝ નોટિસ ફટકારવામાં આવી છે કે ઈવીએમ મશીન હોટલમાં કેવી રીતે પહોંચ્યા.

## ડરતી નથી


● અનુસંધાન પહેલાનું ચાલુ

હવે તેઓ બંગાળમાં પણ એનઆરસીની વાત કરે છે. મમતાએ કહ્યું, પ્રાકૃતિક તકલીફ અને પૂર સમયે મોદી બંગાળ નથી આવતા. મોદી સરકાર પર આકરા પ્રહાર કરતી વખતે મમતાએ કહ્યું કે, ૧૨,૦૦૦ ખેડૂત આત્મહત્યા કરી ચૂક્યા છે. યુપીનો ચામડા વેપાર બંગાળમાં આવ્યો છે. ગેસ અને કેબલ ટીવીના ભાવમાં વધારો થયો છે. તેઓ માત્ર રમખાણો ફેલાવાનો પ્રયત્ન કરી રહ્યા છે અને લોકોના માત્ર ધર્મના નામે ભાગલા પાડી રહ્યા છે.

## રેલી યોજાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

વાત કરવી સરળ રહેશે નહીં. રેલીમાં ભીડ એકત્રિત કરવા માટે ભાજપના તમામ મોટા નેતાને જવાબદારી સોંપવામાં આવી છે. તમામને ટાર્ગેટ આપી દેવામાં આવ્યા છે. પૂર્વાંચલ મોરચા, યુવા મોરચા, મહિલા મોરચા, એસસી મોરચાના તમામને ખાસ જવાબદારી સોંપી દેવામાં આવી છે. આના માટે દિલ્હીના મોલ્સ, મલ્ટીપ્લેક્સ અને મેટ્રોલ સ્ટેશન પર તેમજ બજારમાં પ્રચારની કામગીરી ચાલી રહી છે. દિલ્હીના દરેક વિસ્તારમાંથી લોકો પહોંચી શકે તે માટે પાંચ હજાર બસની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત કેટલાક મેટ્રો અને પોતાના વાહન મારફતે પણ પહોંચનાર છે. ચાંદની ચોક, દરિયાગંજ, પહાડગંજ, તેમજ આસપાસના વિસ્તારોમાંથી લોકો નાની નાની ટોળકીમાં બનાવીને રામલિલા મેદાન ખાતે પહોંચી રહ્યા છે.



# જીઆઈડીસીમાં પક્ષીઓ માટે પાણીની પરબ...!!

આકાશમાંથી અગનગોળા જેવી ગરમી વરસી રહી છે અને સૂર્યદેવતાના પ્રકોપ સામે માનવી પામર જણાઈ રહ્યો છે. રાજયભરમાં માનવીઓને પીવાના પાણીના પોકાર પડી રહ્યા છે ત્યારે અબોલ પંખીઓની સ્થિતિ તો શું પુછવી? જો કે ભલુ થજો પાટનગરના સેવાભાવી માનવીઓનું જેઓ આકરી ગરમીમાં પાણી માટે ટળવળતા પક્ષીઓનો વિચાર કરી તેમના માટે પીવાના પાણીની સગવડ માટીના કુંડાની પક્ષી પરબો થકી કરી રહ્યા છે. શહેરની જીઆઈડીસીમાં છેવાડાના વિસ્તારમાં વનરાજીના કારણે પક્ષીઓની સંખ્યા મોટા પ્રમાણમાં છે પરંતુ ઉદ્યોગોને કારણે રહેણાંક વિસ્તાર ના હોવાથી આ પક્ષીઓ માટે પીવાના પાણીની સગવડ કોણ કરે? આ સ્થિતિમાં શહેરની જીઆઈડીસીમાં કાર્યરત પાલજના જીતુભા વાઘેલા નામના યુવા કર્મચારી ફેકટરીના પ્રાંગણમાં પક્ષીઓ માટે પાણીના કુંડા લગાડી તેમાં નિયમિત પાણી સિંચન કરી અન્ય કર્મચારીઓ માટે પણ પ્રેરણારૂપ બન્યા છે.

# જાહેર નોટીસ

**અરજદારના વકીલશ્રી એફ.વાય. સુથાર**

**રાધનપુરના મહે. મોટર અકસ્માત વળતર પંચ (સહાયક) સમક્ષ મુ. રાધનપુર**

એમ.એ.સી.પી. નં. ૯૬/૨૦૧૯
મુદત તારીખ : ૧૬/૫/૧૯
નિ-૧૭

**અરજદાર - ૧ જુબેદાને સલ્લુભાઈ ઘાંચી વિ-૪**
રહે. રાધનપુર, તા. રાધનપુર, જી. પાટણ

વિરુદ્ધ

**સામાવાળા-૩ મનોજ એચ. આચલીયા**
રહે. રાંધેજા, તા. ગાંધીનગર, જી. ગાંધીનગર
(તે મોટર વાહન નં.જીજે૧૮ એ.ટી.-૯૧૪૧ના માલિક)

આથી તમો સામાવાળા નં.૩ને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, તમો સામાવાળા નં. ૩ ને વારંવાર નોટીસ કાઢવા છતાં બજતી નથી. માટે તમોને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે, તારીખ ૧૬/૫/૨૦૧૯ના રોજ સવારના ૧૦-૩૦ કલાકે સદરહુ અરજીનો જવાબ આપવા સારુ આ ટ્રીબ્યુનલમાં તમારે જાતે અથવા યોગ્ય વકીલ મુખત્યાર મારફતે હાજર થવું. જો તેમ કરવામાં કસુર થશે તો તમારી ગેરહાજરીમાં અરજી સાંભળીને તેનો નિકાલ કરવામાં આવશે.

આજરોજ તારીખ ૨૯મી માહે એપ્રિલ ૨૦૧૯ના રોજ મારી સહી તથા ટ્રીબ્યુનલમાં સીક્કો મારીને આપ્યું.

**તૈયાર કરનાર :**
**સહી/-**
**(એ.એસ. ચૌધરી)**
**આસીસ્ટન્ટ**
**સહી/-**
**(એમ.એ.સી.ટી. શાખા)**
**રાધનપુર**

**ટ્રીબ્યુનલ સીક્કો**

**હુકમથી**
**સહી/-**
**(એસ.એસ. વાઘેલા)**
**રજીસ્ટ્રાર**
**(એ.ડી. ડીસ્ટ્રીક્ટ કોર્ટ રાધનપુર)**
**જી. પાટણ**